**કામિની દોષી**
**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**નોર્થઝોન(કતારગામ)**

## –: <u>સંમતિ પત્ર</u> :–

નં. નોર્થઝોન/ આઉટ/૩૬૭૧
તારીખ :– ૦૨/૦૭ /૨૦૨૪.

**પ્રતિ,**
**ઈજારદારશ્રી**

**વિષય :–** નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ સુરત મહાનગરપાલિકાની વિવિધ મિલ્કતો જેવી કે આંગણવાડી, વોર્ડ ઓફિસ,રીડીંગ રૂમ અને અન્ય મિલ્કતોમાં વાર્ષિક રેઈટ ધોરણે અન્ડર ગ્રાઉન્ડ અને ઓવર હેડ પાણીની ટાંકીઓ સાફ સફાઈ કરવાનું કામ.

**સંદર્ભ :–** (૧)સુરત મહાનગરપાલિકાની સ્થા.સ.ઠ.નં.૧૨૪૨/૨૦૨૩, તા.૧૧/૦૮/૨૦૨૩ થી મંજુર થયેલ ઠરાવના યુનીટ રેટના ભાવો અને શરતોને આધિન.
(૨) મે. એડી. સીટી ઈજનેરશ્રીની તા. ૦૧/૦૭/૨૦૨૪ ની મંજુરી.

મહાશય,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ સુરત મહાનગરપાલિકાની વિવિધ મિલ્કતો જેવી કે આંગણવાડી, વોર્ડ ઓફિસ,રીડીંગ રૂમ અને અન્ય મિલ્કતોમાં વાર્ષિક રેઈટ ધોરણે અન્ડર ગ્રાઉન્ડ અને ઓવર હેડ પાણીની ટાંકીઓ સાફ સફાઈ કરાવાના કામે સ્થા.સ.ઠ.નં.૧૨૪૨/૨૦૨૩, તા.૧૧/૦૮/૨૦૨૩ થી રૂા. ૦.૧૦ પ્રતિ લીટર મુજબના ભાવોને યુનિટ રેઈટ તરીકે મંજુર કરવામાં આવેલ હોય, સદર કામગીરી સંદર્ભ (૧) મુજબની મંજુરી અને ટેન્ડરના મંજુર ભાવ અને શરત(યુનીટ રેટ) મુજબ રૂા.૮,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મયાર્દામાં ઉકત વિષય મુજબની કામગીરી કરાવવાનું કામ સંદર્ભ(૨) થી મંજુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી રૂા.૮,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મયાર્દામાં સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૨૪૨/૨૦૨૩, તા.૧૧/૦૮/૨૦૨૩ થી મંજુર થયેલ યુનીટ રેટના મંજુર ભાવે અને શરતે કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખિત સંમતિ બંધ કવરમાં **તા.૧૨/૦૭/૨૦૨૪** સુધીમાં નોર્થઝોન(કતારગામ) ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

## –: <u>શ ર તો</u> :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટ (EMD) ની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૮,૦૦૦/– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે ‘ ઈ–૧ વર્ગ ’ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા. ૧,૬૦,૦૦૦/– કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪. ઈજારદારે પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (Form 3A) ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૫. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ. ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૬. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૭. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૮. ઈજારદાર શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતો ને બંધનકર્તા રહેશે.

૯. કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં.

૧૦. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવવાના રહેશે.

૧૧. તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૨. સદર કામે કરેલ કામગીરીના ફોટોગ્રાફ બીલ વખતે રજુ કરવાના રહેશે તેમજ સ્થળ ઉપર ટાંકી સફાઈ કર્યા અંગેની વિગતો દર્શાવતું સ્ટીકર મારવાનું રહેશે.

૧૩. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૪. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detiled Technical Specification મુજબકરવાની રહેશે.

--S.D--
**કાર્યપાલક ઈજનેર**
**નોર્થઝોન(કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**